પ્રાંતિજના સાદોલીયા પાસે દુધ વાહન પલ્ટી ખાઈ ગયું

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સાદોલીયા જતા રોડ ઉપર વહેલી સવારે દુધ વાહન પલ્ટીખાઇ ગયુ ચાલક નો આબાદ બચાવ પ્રાંતિજ થી મહુડી જતા રોડ ઉપર આવેલ પ્રાંતિજ ના સાદોલીયા પાસે ૧૪ મી ને ગુરૂવાર ના રોજ વહેલી સવારે વિજાપુર બાજુથી દુધ છાશ ભરીને ફુલફાસ્ટ આવતુ બંધ બોડીનુ ડાલુ નંબર **GJ08AU8331** ના ચાલકે સ્ટેરીંગ ઉપર થી કાબુ ગૂમાવતા બાજુમા આવેલ ખેતરોમા પલ્ટીખાઇ ગયુ હતુ જોકે ડાલા ચાલક ને નાની ઈજાઓ પોહચી હતી અને ચાલક નો આબાદ બચાવ થયો હતો તો મોટી જાનહાની ટળી

શ્રી ઓધવ વિદ્યામંદિર ધનસુરા ખાતે ગુરુપૂર્ણિમા અને ગૌરીવ્રતના પર્વની ઉજવણી

અરવલ્લી જિલ્લાના ધનસુરા માં આવેલ શ્રી ઓધવ વિદ્યામંદિર શાળામાં ગૌરોનું પૂજન કરી ગૌરીવ્રત ઊજવવામાં આવ્યું હતું.તેમજ ગુરુપૂર્ણિમાના પર્વની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી જેમાં ગુરુ ઓધવ રામજીના પ્રતીક સ્વરૂપે બાળકને ઓધવ રામજી બનાવી તેમનું પૂજન કર્યા બાદ વિદ્યાર્થીઓએ શિક્ષકગુરુની આરતી કરી હતી. ત્યારે શાળાના આ કાર્યક્રમને શાળાનાં ચેરમેનશ્રી પ્રહલાદભાઇ પટેલ, સેક્રેટરીશ્રી નરેન્દ્રભાઈ પટેલ, તેમજ શિક્ષણ સમિતિએ શાળાના આચાર્યશ્રી જીજ્ઞેશભાઈ પટેલ અને મિતેશભાઈ પટેલ તેમજ શાળાના શિક્ષક મિત્રો અને શાળાના નાના-નાના બાળકો સહિત સર્વને ગુરુપૂર્ણિમાની શુભેચ્છાઓ સાથે શુભકામનાઓ પાઠવી હતી.

જૂનાડીસા ગામે અલખ ધણી ગૌશાળામાં લોક ડાયરાની રમઝટ જામી

ડીસા તાલુકાના જૂનાડીસા ગામે ગંગાજી વ્હોળામાં આવેલ અલખ ધણી ગૌશાળામાં ટ્રસ્ટ દ્વારા ગુરૂપૂર્ણિમા નિમિત્તે અશોકગિરી બાપુની તેમના શિષ્યો અને ટ્રસ્ટીઓ દ્વારા ગુરુ વંદના કરવામાં આવી હતી. ત્યારબાદ રાત્રિ દરમિયાન એક શામ ગૌ માતા કે નામ લોક ડાયરામાં આમંત્રણને માન આપી ગુજરાત ક્ષત્રિય સમાજના પ્રમુખ બહાદુરસિંહ વાઘેલા અને કનુભાઇ ત્રિવેદી સહિતના મહેમાનો હાજર રહ્યા હતા. વીર ભામાશાની છાપ ધરાવતા બહાદુરસિંહ વાઘેલાએ ગાયો માટે રૂ.૫૧૦૦૦ ટ્રસ્ટને આપવાની જાહેરાત કરી હતી.આ પ્રસંગે ડીસા તાલુકાના બાઈવાડાના નરસિંહભાઈ દેસાઈ અને આપના ભેમાભાઈ ચૌધરીએ પણ દાનની જાહેરાત કરી હતી.દાતાઓ અને મહેમાનોનું અશોકગીરી બાપુ અને ટ્રસ્ટીઓ દ્વારા ભવ્ય સન્માન કરવામા આવ્યુ હતું.તેમજ અશોકગીરી બાપુ, હીરાભાઈ ટાંક, પ્રકાશભાઈ ઠક્કર, નવીનભાઈ, જીતુભાઈ મંડપ વાળા દ્વારા લાલસિંહ, બળવંતસિંહ, કનુભાઈ ?ત્રિવેદી સહિત નામી અનામી મહાનુભાવોનું ફુલહાર પહેરાવી સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.ત્યારબાદ નામાંકિત કલાકારોએ મોડી રાત સુધી ડાયરાની મોજ કરાવી હતી.

ડીસાના વકીલની ઓફિસમાં સવા લાખની રોકડની થયેલ ચોરીનો ભેદ ઉકેલાયો

બનાસકાંઠા જિલ્લામાં તસ્કરોના તરખાટ વચ્ચે ગત ૧૦ જુલાઈના રોજ વેપારી મથક ડીસા શહેરની મધ્યમાં જજોના આવાસની નજીકમાં જ આવેલ શોપિંગ સેન્ટરમાં શહેરના જાણીતા વકીલ ગંગારામ પોપટની બંધ ઓફિસને તસ્કરોએ નિશાન બનાવી હતી. અને દરવાજો તોડી ઓફિસમાં પડેલા રૂપિયા સવા લાખની રોકડની ચોરી કરી ફરાર થઇ ગયા હતા. આ મામલે વકીલે ડીસા દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેની તપાસ દરમિયાન દક્ષિણ પોલીસ મથકના પીઆઇ એસ. એમ. પટણીએ પોલીસ જવાનોની ટિમ બનાવી સત્વરે ચોરીનો ભેદ ઉકેલવા માટે ચક્રો ગતિમાન કર્યા હતા.જેમાં ઓફિસમાંથી સીસીટીવી ફૂટેજ, મોબાઈલ લોકેશન તેમજ બાતમીદારોના આધારે ગણતરીના દિવસોમાં ચોરીનો ભેદ ઉકેલી દીધો હતો. જેમાં વકીલની ઓફિસમાં ચોરી કરનાર આરોપી ગણેશરામ ચુનારામ મેઘવાળ (રહે.મોહીવાર જી. જાલોર) ને ઝડપી પાડ્યો હતો તેમજ મુદામાલ રિકવર કરી આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આકરૂન્દ ગામમાં વંદે ગુજરાત વિકાસ રથ આવતાં ભવ્ય સ્વાગત કરાયું

પંચાયત સદસ્યો, ગ્રામ પંચાયત સરપંચ-ઉપસરપંચ સહિત ગ્રામજનોની નોંધપાત્ર હાજરી

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૪

ધનસુરા તાલુકાના આકરૂન્દમાં વંદે ગુજરાત વિકાસ રથયાત્રા આવતાં વરસાદી માહોલ છતાં મોટી સંખ્યામાં ગ્રામજનો સહિત પંચાયતના અધિકારી-પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આકરૂન્દ ગામમાં વંદે ગુજરાત વિકાસ રથ આવતાં સરપંચ લલીતાબેન પટેલ, ઉપસરપંચ દિનેશભાઈ એચ. પટેલ, તાલુકા પંચાયત સદસ્ય, દંડક વિણાબેન વિનોદભાઈ પટેલ, તલાટી કમ મંત્રી અશ્વિનભાઈ પંડ્યા સહિત ગ્રામજનો અને શાળાના વિદ્યાર્થીઓએ સ્વાગત કર્યું હતું. આકરૂન્દ હાઈસ્કુલના સભાખંડમાં યોજાયેલા કાર્યક્રમમાં લાભાર્થીઓને સહાય અપાઈ હતી.

પ્રાપ્ત જાણકારી અનુસાર ગુજરાત સરકાર દ્વારા છેલ્લા ૨૦ વર્ષમાં કરવામાં આવેલા વિકાસ કાર્યો જેમાં શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં અનેક આયામો પરીપૂર્ણ કર્યા છે અને હજુ પણ સરકારની કલ્યાણકારી યોજનાઓ નિરંતર ચાલી રહી છે ત્યારે સરકારની વિવિધ યોજનાઓનો લાભ જનજન સુધી પહોંચે તે માટે વંદે ગુજરાત વિકાસ યાત્રાનો રથ ગામે ગામ ફરી રહ્યો છે. ગ્રામ પંચાયતના ઉપસરપંચ દિનેશભાઈ પટેલે જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વડપણ હેઠળ સરકારની વિવિધ યોજનાઓથી લોકોને વિકાસની નવી રાહ મળી છે. ૨૦ વર્ષમાં ગુજરાત સરકારે વિકાસ સાધ્યો છે. તાલુકા વિકાસ અધિકારી રાકેશભાઈ પટેલની આગેવાની હેઠળ વંદે ગુજરાત વિકાસ રથ આકરૂન્દમાં આવી પહોંચતાં હાઈસ્કુલની બાળાઓએ કુમ કુમ તિલક કરી અધિકારીઓ-પદાધિકારીઓએ રથનું સ્વાગત કર્યું હતું ત્યારબાદ પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજનાના કાર્ડ, એમ.એમ.વાય. લાભાર્થીઓને કીટ ઉપરાંત આયુષ્યમાન ભારત પ્રધાન મંત્રી જનઆરોગ્ય યોજનાના લાભાર્થી મંગાજી બાલાજી પગી, હિમાંશુભાઈ બારોટ, વિશાલભાઈ પગી, મિતેષ બારોટને લાભ અપાયો હતો. જ્યારે પ્રધાનમંત્રી ઉજવલા યોજના હેઠળ કોકીલાબેન પરમાર, લક્ષ્મીબેન ચમાર અને મુખ્ય મંત્રી માતૃ શક્તિ યોજના હેઠળ મધુબેન બામણીયા, આરતીબેન રાઠોડ, હિરલબેન સોલંકી, ખુશ્બુબેન ચૌધરી, કનૈયાકુમાર ગાદરી, જયદીપ પરમાર, સાહીલ પરમાર, વિરા સોની, દીવા પટેલને લાભ અપાયો હતો. કાર્યક્રમ દરમ્યાન પશુ ચિકિત્સા અધિકારી ડૉ.આશિષ પ્રજાપતિ, મેડીકલ ઓફીસર ડૉ.જાનવીબેન, ડૉ. વિનોદભાઈ ખરાડી, બીટ ગાર્ડ દક્ષાબેન ચૌધરી અને આકરૂન્દ કેળવણી મંડળના સદસ્યો સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાંતિજ સાબરમતી નદીમાં નવા નીર આવતા પંથકના લોકોમાં ખુશી

મોડામોડ પણ સાવ કોરી રહેલ સાબરમતી નદીમાં નવા નીર આવતા ધરતી પુત્રો સહિત લોકોમાં ખુશી : નદીમા નવા નીર આવતા આજુબાજુમાં આવેલ બોર-કુવા રીચાર્જ થશે : ઉપરવાસમાં વરસાદને લઈને સાબરમતી નદીમાં નવા નીર આવ્યા

પ્રાંતિજ તા.૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના સાદોલીયા અનોડીયા પાસે આવેલ સાબરમતી નદીમા નવા નીર આવતા ધરતી પુત્રો સહિત પંથક ના લોકો મા ખુશી જોવા મળી. એક દિવસ પહેલા સાબરમતી નદી સાવ કોરી જોવા મળી રહેલ નદી મા ઉપરવાસ મા પડેલ વરસાદ ને લઈ ને સાબરકાંઠા-મહેસાણા- ગાંધીનગર ત્રણેય જિલ્લાઓ પાસેથી પ્રસાર થતી સાબરમતી નદી મા આ વર્ષે વરસાદ ખેંચાતા ચોમાસા ની સિજન એક મહિનો વીતી ગયો છતાંય સાબરમતી નદી મા નવા નીર ના આવતા કોળી જોવા મળી હતી પણ ઉપરવાસમા મેઘરાજાની અસીમ કુપા થતા સાબરમતી નદીમા નવા નીર આવતા આજુબાજુના ધરતી પુત્રો સહિત લોકો મા ખુશી જોવા મળી હતી અને લોકો નદીમા આવેલ નવાનીર જોવા સાબરમતી નદી ખાતે દોડી આવ્યા હતા તો નદીમા નવા નીર આવતા પાસે આવેલ બોર કુવાઓ પણ રીચાર્જ થશે ત્યારે હાલતો મેઘરાજાએ મોડામોડ પણ અસીમ કુપા કરતા લોકો મા આનંદ છવાયો છે જોકે હજુ પ્રાંતિજ સહિત તાલુકા મા મેઘરાજા મન મુકીને ના વરસતા પ્રાંતિજ સહિત તાલુકામા આવેલ નાના મોટા તળાવો ખાલીખમ છે જેથી ખેડૂતો ને પણ હજુ મેઘરાજા મન મુકીને ના વરસતા ચિંન્તા જોવા મળી રહી છે તો એક મહિનો વીતી ગયો છતાંય પ્રાંતિજ સહિત તાલુકામા સિજન નો કુલ વરસાદ-૧૫૪ મીમી નોંધાયો છે એટલે કે માત્ર સાડા ચાર ઈંચ વરસાદ નોંધાયો છે

ટ્રાફીક સમસ્યા : આ અમદાવાદનો નહીં પરંતુ મોડાસાનો ટ્રાફિક છે, પેલેટ ચોકડી નજીક વાહન ચાલકો અટવાયા, ટ્રાફિક પોલિસ મસ્ત..!!

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લામાં દિવસે ને દિવસે ટ્રાફિકની સમસ્યા હલ થવાને બદલે વધુ વકરતી હોય તેવું લાગે છે. મોડાસા શહેરના ડીપ વિસ્તારથી જુના બસ સ્ટેશન વિસ્તાર સુધી હજુ ટ્રાફિકની સમસ્યાનું નિરાકરણ આવ્યું નથી ત્યાં તો બીજી એક જગ્યાએ ટ્રાફિકની સમસ્યાએ જન્મ લીધો છે, ત્યારે હવે આ ટ્રાફિકની સમસ્યાનો ડબલ ડોઝ ટ્રાફિક પોલિસ પર આવે તો નવાઈ નહીં. મોડાસા શહેરના મેઘરજ બાયપાસ ચોકડી પર સવારે ૯.૩૦ થી ૧૧ વાગ્યે અને સાંજ ૫ થી ૬ વાગ્યા સુધી ટ્રાફિકની સમસ્યાઓ સર્જાતી હોય છે પણ અહીં કોઈ જ ટ્રાફિક પોલિસનો જવાન જોવા નથી મળતો જેથી વાહન ચાલકો અટવાઈ પડે છે અને છાશવારે નાની-મોટી અકસ્માતની ઘટના પણ સર્જાતી હોય છે. ગુરૂવારના રોજ વહેલી સવારના દ્રશ્યો સામે આવ્યા છે, જેમાં વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. શામળાજી-મોડાસા-ગોધરા સ્ટેટ હાઈવે પરથી પસાર થતાં વાહનો અને મોડાસા શહેરમાં પ્રવેશ કરતા અને બહાર જતાં વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. કલાકો સુધી વાહન ચાલકો અટવાઈ પડ્યા હતા. મોડાસા શહેરના મુખ્ય માર્ગો પર હજુ ટ્રાફિક સમસ્યાનું નિરાકરણ લાવવામાં તંત્ર નિષ્ફળ નિવળ્યું છે આ વચ્ચે નવી જગ્યાએ ટ્રાફિકની સમસ્યાએ જન્મ લેતા હવે પેલેટ ચોકડી પર ટ્રાફિકની સમસ્યાનું નિરાકરણ કેમ કરી આવશે તે એક સવાલ છે.

નવી સંસદમાં ઊંઘતા સિંહને બદલે ગર્જના કરતા સિંહ હશે....

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....?

બાયડ તા.૧૪

આકાર લઈ રહેલા નવા સંસદભવનમાં "અશોકસ્તંભ" સ્તૂપમાં જાગેલા સિંહ જોવા મળશે!! જુના અશોકસ્તંભમાં મૌન અને સુતેલા સિંહની આકૃતિ હતી. આ વાત બહુ સૂચક છે... આઝાદી પછી અત્યારસુધીમાં સંસદમાં જે જોવા મળ્યું છે તે આ વાતની પુષ્ટિ પણ કરે છે કે સિંહ ત્યારે પણ હતા પણ તેને મૌન કરી દેવામાં આવ્યા હતા. જુના અશોકસ્તંભમાં સિંહની પ્રતિમામાં ઝૂમ કરીને જોઈસુ તો નીચે બકરીઓની પણ આકૃતિ દોરેલી છે... મૌન સિંહ અને આજુબાજુના ચૂપ થઈ ગયેલા બે સિંહ અને સાથે બે બે કરતી બકરીઓ જે સંદેશ સંસદ વતીથી આપતી હતી તે હવે આવનાર નવા સંસદભવનમાં નહિ હોય!!

નવા સંસદભવનમાં અશોકસ્તંભના ત્રણેય સિંહ ગર્જના કરનારા કે ત્રાડ કરનારા છે જેથી બકરીઓ ત્યાંથી પલાયન થયેલી બતાવી છે અને તેની જગ્યાએ ભારતના વિકાસ માટે દોડતો "ઘોડો" અને સમૃદ્ધિના પ્રતીક સમી "ગાય" માતા જોવા મળશે!! બહુ બૌદ્ધિક અને સુચક આ અશોકસ્તંભની પ્રતિમા નવા સંસદભવનમાં જોવા મળશે... આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે આવનાર ભવિષ્યમાં નવા સંસદભવનમાં બેસનાર સાંસદો દેશની દશા અને દિશા બદલનારા નિર્ણયો લેવાવાળા હશે!! નવા સંસદભવનની ડિઝાઈન બનાવનાર જે કોઈપણ છે તેની કલ્પના એક પરિકલ્પનાથી ઉપરની છે...

હવે તમે વિચારો કે ઓલ્ડ ભારત અને ન્યુ ભારતમાં શુ ફરક છે?? હજુ પણ મોદી વિરોધીઓ તો સ્વીકાર નહિ જ કરે કે ભારત બદલાઈ રહ્યું છે!! વર્ષ ૨૦૧૪ પછી મૌન અને ચૂપ બેઠેલો સિંહ દહાડ મારવા લાગ્યો છે એ વિશ્વ આખાને તેની ત્રાડનો અહેસાસ થઈ ચૂક્યો છે... આ માત્ર એક સોચ્ વિચારનો ફરક જૂની અને હાલની સરકાર વચ્ચેનો છે. "વિચાર" મજબૂત અને દ્રઢ હોય તો દુનિયા પણ મુઠ્ઠીમાં થઈ શકે છે!! પરંતુ દુઃખની વાત તો એ છે કે આઝાદી પછી ભારતના સિંહોને અત્યારસુધી સર્કસના સિંહ બનાવી દેવામાં આવ્યા હતા અને એટલે બકરીઓનું ટોળું બે બે કરતું જેમ ફાવે એમ ચરી રહ્યું હતું!!

મોદીજીની આ કારીગીરી પણ છે અને ચતુરાઈ પણ છે.... હવે દેશના દુશમનો ઉપર સિંહ ત્રાટકસે.,વિકાસના ઘોડાઓ ભારતમાં દોડસે અને ગાય માતાને અશોકસ્તંભમાં સમાવીને સમૃદ્ધિનો પણ સંકેત આપી દીધો છે!! નવા સંસદભવનમાં મુકાયેલા "અશોકસ્તંભ" નો સુક્ષમ અભ્યાસ કર્યા પછી જેમને પણ મોદીજીની સોચ્ વિચાર ઉપર જેમને પણ શંકા કુશંકાઓ છે તે ક્લીયર થઈ જશે... ભારત એ સિંહ પુરુષોની ભૂમિ છે, દોડતા જાતવાન ઘોડાઓની ભૂમિ છે, ગૌમાતાની ભૂમિ છે.... પરંતુ આ તમામ વાતોને પાછળની સરકાર નજરઅંદાજ કરતી આવી હતી તેમને સિર્ફ બે બે કરતી બકરીઓ જ ગમતી હતી એટલે હવે આજનું નવું વાયબ્રન્ટ ભારત આ વિચારધારાને સ્વીકારવા તૈયાર નથી.... ભારતને જાગૃત કરનાર વર્તમાન રાજકીય મહાપુરુષ મોદીજીને ખૂબ ખૂબ ધન્યવાદ...

આકરૂન્દ કેળવણી મંડળમાં આંતરીક ઓડીટર તરીકે નિયુક્તિ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૪

ધનસુરા તાલુકાના આકરૂન્દ કેળવણી મંડળની વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં યોજાઈ ગઈ જેમાં કારોબારી સમિતિ દ્વારા આંતરીક ઓડીટર તરીકે કોમર્સ ગ્રેજ્યુએટ શાળાના પૂર્વ વિદ્યાર્થી ઈશ્વરભાઈ કચરાભાઈ પ્રજાપતિની બિનહરીફ વરણી કરવામાં આવતાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમજ પ્રજાપતિ સમાજમાં આનંદની લાગણી જોવા મળી છે.

સાચા અર્થમાં મહિલા સશક્તિકરણ : આકરૂન્દ કેળવણી મંડળમાં ૯ મહિલાઓને સ્થાન..

બાયડ : ધનસુરા તાલુકાના આકરૂન્દ કેળવણી મંડળમાં ઈતિહાસમાં પ્રથમવાર મહિલાઓને સ્થાન આપવામાં આવ્યું છે. કારોબારી સમિતિમાં ૯ મહિલાઓને સ્થાન મળતાં વાલીઓએ પણ મંડળના ઐતિહાસિક નિર્ણયને વધાવ્યો છે જેમાં મોટાભાગે શિક્ષણ સાથે સંકળાયેલ મહિલાઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

કાળીબેન કાળાભાઈ રબારી(જિલ્લા પંચાયત સદસ્ય,નાંણા)
વિણાબેન વિનોદભાઈ પટેલ(તાલુકા પંચાયત સદસ્ય, આકરૂન્દ)
ચેતનાબેન શૈલેષભાઈ પટેલ
(ગ્રંથપાલ-જે.બી.શાહ ઈંગ્લિશ મીડીયમ સ્કુલ-મોડાસા)
ગીતાબેન વિનોદભાઈ પટેલ(સરપંચ-નારણપુરા(આકરૂન્દ)
ગ્રામ પંચાયત)
અલ્પાબેન નીતિનભાઈ બારોટ(પ્રા.શિક્ષક-ડેમાઈ-૧ પ્રા.શાળા)
શારદાબેન હીરાભાઈ પટેલ(નિવૃત્ત મુખ્ય શિક્ષક-રાજપુર પ્રા.શાળા)
ઈન્દુબેન નરેન્દ્રભાઈ પટેલ(નિવૃત્ત મુખ્ય શિક્ષક-ગઢકંપા પ્રા.શાળા)
તૃપ્તિબેન પરાગભાઈ પટેલ(સામાજીક કાર્યકર, ધરમેડાકંપા)
ભાવિકાબેન જૈમિનકુમાર શાહ(સામાજીક કાર્યકર, આકરૂન્દ)

પાલનપુરમાં ડ્રગ ઇન્સપેક્ટર અને વચેટીયો લાંચ લેતા ઝડપાયા : દવાના લાયસન્સ પેટે પાંચ હજાર માંગ્યા હતા

ડીસા, તા. ૧૪

બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુરમાં એસીબીની ટીમે વચેટીયા અને ડ્રગ ઈન્સ્પેક્ટરને પાંચ હજાર રૂપિયાની લાંચ લેતા રંગેહાથ ઝડપી બંનેને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. પાલનપુરમાં રિટેલ અને હોલસેલ દવાના લાયસન્સ માટે એક અરજદારે અરજી કરી હતી અને લાયસન્સ આપવા માટે ડ્રગ ઈન્સ્પેક્ટરે વચેટીયા મારફતે ૫૦૦૦ રૂપિયાની લાંચ માગી હતી. જે અંગેની ફરિયાદ મળતા જ એસીબીની ટીમે છટકું ગોઠવ્યું હતું. આ દરમિયાન અરજદાર પાસેથી રૂ ૫૦૦૦ની લાંચ લેતા વચેટીયા અહેસાનઅલી તાકોડી અને ડ્રગ્સ ઈન્સ્પેક્ટર ચિત્રાંગ પટેલની અટકાયત કરી હતી. એસીબીની ટીમે અત્યારે લાંચમાં લીધેલા ૫ હજાર રૂપિયા રોકડ કબ્જે કર્યા છે. જ્યારે બંને આરોપીઓની અટકાયત કરી જેલના સળિયા પાસેથી ધકેલી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વંદે ગુજરાત વિકાસ યાત્રા ધનસુરા તાલુકાના ભેંસાવાડા ખાતે સ્વાગત કરાયું....

મોડાસા, તા. ૧૪

વંદે ગુજરાત વિકાસ યાત્રા ધનસુરા તાલુકાના ભેંસાવાડા ખાતે આવતા સ્વાગત કરવામાં આવ્યું હતું.જેમાં મોટી સંખ્યામાં ગામલોકો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.અને સરકાર ની વિકાસગાથા ને લોકો સુધી પહોંચાડવા નો કાર્યક્રમ યોજાયો હતો. અને લાભાર્થીઓને યોજનાના લાભો નું વિતરણ કરવામાં આવ્યું હતું.આ રથ ગુજરાતના તાલુકાઓ અને ગામોમાં પરિભ્રમણ કરીને છેલ્લા ૨૦ વર્ષમાં ગુજરાતમાં થયેલા

વિકાસથી લોકોને વાકેફ કરશે.ગુજરાતના ૨૦ વર્ષ ના વિકાસને વિકાસયાત્રાથી માહિતગાર કરવા સમગ્ર ગુજરાત માં વંદે ગુજરાત વિકાસ યાત્રા નું આયોજન કરવામાં આવ્યું છે.આ કાર્યક્રમ માં ધનસુરા તાલુકા વિકાસ અધિકારી રાકેશકુમાર પટેલ, જિલ્લા પંચાયત સદસ્ય સવિતાબેન ચૌહાણ,સરપંચ અંબાબેન, ડેપ્યુટી સરપંચ નટુભાઈ દેસાઈ, તાલુકા પંચાયત સદસ્ય ભરતસિંહ, તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. વિમલ ખરાડી તથા ધવલભાઈ દેસાઈ, ભગવાનભાઈ ભરવાડ અને ભેંસાવાડા ના ગ્રામજનો અને આજુબાજુ ની ગ્રામ પંચાયત ના સરપંચો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.